# ક્ષીર- નીરન્યાય

પાણી એ દુધ સાથે મિત્રતા કરી
અહો ! કેવી વિચિત્રતા કરી,

નથી એક જાતિ કે નથી એક જ્ઞાતિ
નથી સગા કે નથી સંબંધી,
છતાં કેવી ! ઘનિષ્ટતા કરી, પાણી એ દુધ સાથે........

દુધે સર્વસ્વ જળ ને અર્પ્યું, જળ દૂધમય બન્યુ,
દુધ ને બળતો જોઈ, જળ પહેલા બળ્યુ,
અહો ! કેવી સંયોજિતા કરી, પાણી એ દુધ સાથે.........

એક નું દુઃખ જોઈ બીજુ બળે,
બીજાનું સુખ જોઈ સ્વયં ઝળહળે
અહો ! કેવી મધુરતા કરી, પાણી એ દુધ સાથે.........

મિત્રતા ઝંખે છે, કેવળ વિશ્વાસ અને મધુર પ્રેમ,
મિત્રરાજ કૃષ્ણ અને સુદામાની મૈત્રી હતી જેમ,
કેવી ! અદભુત,અવાચક વ્યવસ્થા કરી, પાણી એ દુધ સાથે.........

પ્રીતિ દવે.

**Hanumant High School**
(Managed by Babubhai Kanakia Foundation)
CBSE Affiliation No.: 430219